નંદ ઘેર આનંદભયો - જય કનૈયાલાલકી

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૫૪ | ૧૨ ઓગસ્ટ, ૨૦૨૦, બુધવાર; શ્રાવણ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦



જન્માષ્ટમીની શુભકામનાઓ...

# રશિયાએ કોરોનાની વેક્સિન લોંચ કરી

**કોરોના સામેની લડત તરફ પ્રથમ પગલું : રસી પહેલા હેલ્થ વર્કર્સને અપાશે : વિશ્વમાં કોરોનાની રસી શોધવામાં રશિયા પહેલા નંબરે, મોસ્કોમાં મંગળવારે રજિસ્ટ્રેશન થયુ : સૌથી પહેલી રસી પ્રમુખ પુતિનની પુત્રીને આપવામાં આવી**

મોસ્કો, તા. ૧૧

રશિયાએ વિશ્વના તમામ દેશોને પાછળ છોડીને કોરોના વાયરસની વેક્સિન બનાવવામાં સફળતા મેળવી લીધી છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને મંગળવારે જાહેરાત કરીને કહ્યું હતું કે, તેમણે કોરોનાની એક સુરક્ષિત વેક્સિન બનાવી લીધી છે અને તેને રજીસ્ટર્ડ પણ કરાવી છે. પુતિને કહ્યું કે, સૌથી પહેલાં મેં મારી દીકરીને આ વેક્સિન લગાવડાવી હતી. આ વેક્સિનને નિર્ધારિત કાર્યક્રમ હેઠળ રશિયાના સ્વાસ્થ્ય મંત્રાલય અને રેગ્યુલેટરી બોડીની લીલીઝંડી મળી ગઈ છે. રશિયાની વેક્સિન Gam-Covid-Vac Lyoને સંરક્ષણ મંત્રાલય અને ગામાલેયા નેશનલ સેન્ટર ફોર રિસર્ચ ઓન એપિડેમિયોલોજી એન્ડ માઈક્રોબાયોલોજીએ સાથે મળીને તૈયાર કરી છે. આ વિશ્વની સૌથી પહેલી વેક્સિન હોવાનો દાવો કરવામા આવ્યો છે. સપ્ટેમ્બરમાં તેનુ ઉત્પાદન કરીને ઓક્ટોબર સુધી લોકો સુધી પહોંચાડવાની તૈયારી શરૂ થઈ ગઈ છે. રશિયાએ એક મહિના પહેલા સંકેત આપ્યા હતા કે તેઓ વેક્સિન ટ્રાયલમાં સૌથી આગળ છે અને ૧૦થી૧૨ ઓગસ્ટ વચ્ચે વેક્સિન રજીસ્ટર્ડ કરાવી લેશે. જોકે આ વેક્સિન અંગે અમેરિકા અને બ્રિટન રશિયા પર ભરોસો કરતા નથી. રશિયા પર વેક્સિનનો ફોર્મ્યુલા ચોરી કરવાના આરોપ પણ લાગી રહ્યા છે. રશિયાએ કહ્યું- દરેક જરૂરી ટ્રાયલ કરવામા આવ્યા છે. રશિયાની ન્યૂઝ એજન્સી તાસના જણાવ્યા પ્રમાણે મંગળવારે ટોચના અધિકારીઓ સાથે બેઠકમાં રાષ્ટ્રપતિ પુતિને કહ્યુંહતું કે, જ્યાં સુધી મને ખબર છે, આજે સવારે






● અનુસંધાન પાન-૭ પર

## ભારતને પણ ડિસેમ્બર સુધીમાં કોરોના વેક્સિન મળી જશે

**બે મહિનાની અંદર કોરોના વેક્સિનના એક ડોઝની કિંમત નક્કી કરી દેવામાં આવશે : સીરમ ઈન્સ્ટિટ્યૂટના સીઈઓ અદાર પૂનાવાલા**

નવી દિલ્હી, તા.૧૧

પુણે સ્થિત સીરમ ઈન્સ્ટિટ્યૂટના સીઈઓ અદાર પૂનાવાલાએ કહ્યું છે કે કોરોના વેક્સીન આ વર્ષના અંત સુધીમાં તૈયાર થઈ જવાની આશા છે. તેઓએ જણાવ્યું કે કિંમતને લઈ હજુ કંઈ નક્કી નથી કરવામાં આવ્યું, પરંતુ બે મહિનામાં ફાઈનલ કરી દેવામાં આવશે. પૂનાવાલાએ કહ્યું કે, એ જણાવી દેવામાં આવશે કે એક ડોઝની કિંમત શું રાખવામાં આવશે. અદાર પૂનાવાલાએ વધુમાં કહ્યું કે, આઈસીએમઆરની સાથે કેટલાક હજાર દર્દીઓ પર ટ્રાયલ થોડાક જ દિવસમાં શરૂ થઈ જશે.



અદાર પૂનાવાલાએ કહ્યું કે, ડિસેમ્બર સુધીમાં કંપની કોરોના વેક્સીન લૉન્ચ કરી દેશે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ કોવિડ-૧૯ની વેક્સીન માટે ગાવિ અને બિલ એન્ડ મલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન સાથે કરાર કર્યા છે. જે હેઠળ કોવિડ-૧૯ની વેક્સીનના ૧૦ કરોડ ડોઝનું ઉત્પાદન કરવામાં આવશે. આ પહેલા કહેવામાં આવી રહ્યું હતું કે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ભારતના નિવાસીઓને ૨૨૫ રૂપિયામાં કોરોના મહામારીનું વેક્સીન ઉપલબ્ધ કરાવશે. જોકે, હજુ પૂનાવાલાએ

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૦૩૫૮૧૮૭ | ૭૪૧૨૩૭ | ૧૩૧૦૯૪૮૧ |
| ભારત | ૨૩૨૨૭૫૫ | ૪૬૦૬૨ | ૧૬૩૩૩૫૬ |
| ગુજરાત | ૭૩૨૩૮ | ૩૬૯૭ | ૫૬૫૧૬ |
| ગાંધીનગર | ૧૮૭૫ | ૧૦૨ | ૧૪૮૨ |

## ગુજરાત સહિત ૧૦ રાજ્યોને ટેસ્ટીંગ વધારવા મોદીની ટકોર


**વડાપ્રધાને ૧૦ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વર્ચ્યુઅલ બેઠક કરી : ૭૨ કલાકમાં કેસની ઓળખ થાય તો જીવ બચાવી શકાય છે : અત્યાર સુધીનો અનુભવ છે કે કન્ટેનમેન્ટ, કોન્ટેક્ટ, ટ્રેસિંગ અને સર્વેલન્સ કોરોના વિરૂદ્ધના સૌથી પ્રભાવશાળી હથિયાર : મોદી**

ન્યુ દિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કોરોના વાયરસના સંકટ મામલે ૧૦ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વર્ચ્યુઅલ બેઠક કરી હતી. તેમણે જણાવ્યું કે ટેસ્ટિંગની સંખ્યા વધીને દરરોજ ૭ લાખ સુધી પહોંચી છે અને સતત વધી રહી છે. તેનાથી સંક્રમણને ઓળખવામાં અને રોકવામાં મદદ મળી રહી છે. આપણા ત્યાં સરેરાશ મૃત્યુ દર પહેલા પણ વિશ્વની સરખામણીએ ઘણો ઓછો હતો અને સંતોષની વાત એ છે કે તે સતત વધુ નીચો જઈ રહ્યો છે. રિકવરી રેટ પણ સતત વધી રહ્યો છે મતલબ કે આપણા પ્રયત્નો સિદ્ધ થઈ રહ્યા છે.

વધુમાં જણાવ્યું કે, લોકોનો વિશ્વાસ વધ્યો છે અને કોરોનાનો

● અનુસંધાન પાન-૭ પર





**ગાંધીનગર સમાચાર**

**અંક બંધ**

આજે જન્માષ્ટમી પર્વ નિમિત્તે તા. ૧૨-૮-૨૦૨૦ને બુધવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા. ૧૩-૮-૨૦૨૦ને ગુરૂવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ. જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક

# પિતાની સંપત્તિમાં દિકરો-દીકરી સમાન

**પિતાનું મૃત્યુ કાયદો બન્યા પહેલા એટલે કે ૨૦૦૫થી પહેલા થયું હશે તો પણ દીકરીને દીકરા જેટલો જ અધિકાર મળશે : હવે પિતાની પ્રોપર્ટી પર દીકરાની જેમ દીકરીનો પણ સમાન અધિકાર : સુપ્રિમની જસ્ટિસ અરૂણ મિશ્રાની બેંચનો મહત્વપૂર્ણ ચુકાદો**

ન્યુ દિલ્હી,તા.૧૧

સુપ્રીમ કોર્ટે મહિલાઓના હકમાં એક મોટો ચુકાદો સંભળાવ્યો છે. કોર્ટે કહ્યું કે પિતાની પૈતૃક સંપત્તિમાં દિકરા-દિકરીનો બરાબર હક છે. થોડો પણ ઓછો નથી. તેમણે કહ્યું કે દિકરી જન્મની સાથે જ પિતાની સંપત્તિમાં બરાબરની હકદાર થઈ જાય છે. દેશની સુપ્રીમ કોર્ટની ત્રણ જજોની બેન્ચે આજે સ્પષ્ટતા કરી દીધી કે ભલે પિતાનું મૃત્યુ હિન્દુ ઉત્તરાધિકાર (સંશોધન) કાયદા, ૨૦૦૫ લાગૂ થયા પહેલાં થયો હોય છતાંય દિકરીને માતા-પિતાની સંપત્તિ પર અધિકાર હશે.

સુપ્રીમ કોર્ટે એ વાત પર જોર આપ્યું કે પિતાની પૈતૃક સંપત્તિમાં દિકરીને પોતાના ભાઈથી જરાય ઓછો હક નહીં. તેમણે કહ્યું કે જો દિકરીનું મૃત્યુ પણ ૯ સપ્ટેમ્બર ૨૦૦૫થી પહેલાં થયું હોય તો પણ પિતાની પૈતૃક સંપત્તિમાં તેનો હક બની રહે છે. તેનો મતલબ એ થયો કે જો દિકરીના બાળકો ઈચ્છે તો પોતાની માતાના પિતા (નાના)ની સંપત્તિમાં હિસ્સો મેળવવાનો દાવો ઠોકી શકે છે. તેમને પોતાની માતાના અધિકારી તરીકે નાનાની પૈતૃક સંપત્તિમાં હિસ્સો મળશે.

હિન્દુ સેકશળન એક્ટ, ૧૯૫૬મા વર્ષ ૨૦૦૫મા સંશોધન કરીને દિકરીઓને પૈતૃક સંપત્તિમાં સમાન હિસ્સો મેળવવાનો કાયદાકીય અધિકાર આપ્યો. તેના અંતર્ગત દિકરી ત્યારે પોતાના પિતાની સંપત્તિમાં પોતાના હિસ્સાનો દાવો કરી શકે છે જ્યારે પિતા ૯ સપ્ટેમ્બર ૨૦૦૫ સુધી જીવતા રહ્યા હોય. જો પિતાનું મોત આ તારીખથી પહેલાં થઈ ગયું તો દિકરીને પૈતૃક સંપત્તિ પર કોઈ અધિકાર લાગશે નહીં. જ્યારે સુપ્રીમ કોર્ટે તેને બદલતા કહ્યું કે

● અનુસંધાન પાન-૭ પર

## પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની સ્થિતિ નાજુક

**બ્રેન સર્જરી બાદ મુખર્જીને વેન્ટિલેટર ઉપર રખાયા**

નવી દિલ્હી, તા.૧૧

આર્મી રિસર્ચ એન્ડ રેફરલ હોસ્પિટલમાં પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના મગજમાં લોહીની ગાંઠની સફળતાપૂર્વક સર્જરી કરવામાં આવી છે. તેઓ લાઈફ સપોર્ટ સિસ્ટમ પર છે. કોવિડ -૧૯નો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ સોમવારે સવારે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમનો કોરોના રિપોર્ટ રૂટિન તપાસ દરમિયાન પોઝિટિવ આવ્યો હતો.



## છેલ્લે... છેલ્લે...

- પ્રસિદ્ધ ઉર્દૂ શાયર રાહત ઈન્દોરીનું હૃદયરોગના હુમલામાં અવસાન
- ન્યુઝીલેન્ડમાં ૧૦૨ દિવસ બાદ ફરી દેખાયો કોરોના : કડક લોકડાઉનની ઘોષણા
- સુરતમાં ઓક્સીજન સિલિન્ડરના ગોડાઉનમાં બ્લાસ્ટ થતાં ૧નું મોત
- લેબનોન / બૈરુતમાં ધડાકા બાદ પ્રધાનમંત્રી સહિત સરકારનું રાજીનામું
- વ્હાઈટ હાઉસની બહાર અંધાધુંધ ફાયરીંગના પગલે ટ્રમ્પે પ્રેસ બ્રિફીંગ અધવચ્ચે છોડવું પડ્યું
- ન્યૂયોર્કના ટાઈમ સ્કવેરમાં ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકશે
- મુકેશ અંબાણની રિલાયન્સ વિશ્વની ટોપ-૧૦૦ કંપનીઓમાં શામેલ

## કોરોના સંકટમાં રાહત : ૨૪ કલાકમાં ૫૩,૬૦૧ પોઝિટિવ કેસ

**છેલ્લા ૨૪ કલાકમાં ૮૭૧ના મોત : કોરોનાનો મૃત્યુદર ૧.૯૯ પર પહોંચી ગયો : કોરોના વાયરસના કુલ કેસનો આંકડો ૨૨,૬૮,૬૭૫ થયો**

ન્યુ દિલ્હી,તા.૧૧

ભારતમાં ચેપગ્રસ્ત કોરોના વાઈરસની સંખ્યા ૨૨.૬૮ લાખને વટાવી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૩,૬૦૧ નવા કેસ નોંધાયા હતા. આ સાથે દેશભરમાં કોરોના ચેપના સક્રિય કેસ ૬,૩૯,૯૨૯ પર પહોંચી ગઈ છે.



કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે મંગળવારે જાહેર કરેલા આંકડા મુજબ, દેશભરમાં કોરોના ચેપને કારણે અત્યાર સુધીમાં ૪૫,૨૫૭ લોકોનાં મોત નીપજ્યાં છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૭૧ લોકોનાં મોત થયા છે.

તાજેતરના આંકડા મુજબ, દેશભરમાં અત્યાર સુધીમાં કુલ ૨૨,૬૮,૬૭૬ જેટલા સંક્રમણના કેસ નોંધાયા છે. કુલ ચેપગ્રસ્ત લોકોમાંથી, ૧૫,૮૩,૪૯૦ લોકો પણ સ્વસ્થ બન્યા છે.

કોરોના વાયરના કેસના આંકડામાં દુનિયામાં અમેરિકા સૌથી ટોચ પર છે.





